ગાંધીનગર સમાચાર





સાબરકાંઠાના હિંમતનગર તાલુકાના પાણપુર (સવગઢ) ગામે અનોખી હનુમાન જયંતિની ઉજવણી કરાઈ હતી. આ ગામમાં મુસ્લિમની વસ્તી બહુમતીમાં છે. એટલે કે ૩૦૦૦ મુસ્લિમ અને ૧૫૦૦ હિંદુની વસ્તી ધરાવતા આ ગામમાં ગ્રામ પંચાયત પાસે વર્ષો જુનું હનુમાનજી મંદિર આવેલું હતું. જે જર્જરિત થઈ ગયેલુ જ્યાં હનુમાનજી મૂર્તિ પણ વર્ષો પુરાણી છે. તો આ હનુમાનજી મંદિરના મુસ્લિમો અને હિંદુઓના લોકભાગીદારીથી ઝીર્ણોદ્ધાર કરાયો હતો અને શુક્રવારે હનુમાન જયંતિએ મારૂતિ યજ્ઞ કરીને મૂર્તિની સ્થાપના કરાઈ હતી. આ પ્રસંગે ગામના મુસ્લિમો પણ આ યજ્ઞમાં જોડાયા હતા. ઉપરાંત મહા પ્રસાદનો પણ ગામના મુસ્લિમ સમાજે લાભ લીધો હતો. હિંમતનગરના એસટી બસ સ્ટેન્ડ સામે શુક્રવારે હનુમાન જયંતિએ હનુમાનજી મંદિરની નાની ડેરી હતી. જ્યાં આસપાસના રહીશો અને દાતાઓ દ્વારા હનુમાનજીની મૂર્તિની મારૂતિ હવન કરીને સ્થાપના કરી આરતી કરી હતી. અને ત્યારબાદ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ જેનો મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

# પ્રાંતિજમાં હનુમાન જયંતિની ધામધૂમપૂર્વક ઉજવણી

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તથા તાલુકામાં આવેલ



હનુમાન મંદિરે હનુમાન જયંતિની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી જેમાં હજારો શ્રદ્ધાળુઓએ દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેશન પાસે આવેલ શ્રી હનુમાન મંદિર ખાતે હનુમાન જયંતિની મંદિર વ્યવસ્થા સ્થાપકો દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મંદિર સંકુલ સહિત રંગબેરંગી લાઈટોથી રોશની કરવામાં આવી હતી અને દિવસે હવન સહિત હનુમાન ચાલીસા લધુરૂદ્ર સુંદર કાર્ડ, રામધૂન જેવાં કાર્યકમો યોજાયા હતાં.

પ્રાંતિજ બજારચોક, દેસાઈની પોળ ખાતે આવેલ હઠીલા હનુમાન મંદિર ખાતે પણ હનુમાન જયંતિની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. યજ્ઞ સહિત દિવસ દરમ્યાન ભજન કિર્તન કાર્યક્રમ યોજાયા હતા.

જયારે પ્રાંતિજના રાસલોડ ખાતે પણ હનુમાન જયંતિની દર વર્ષની જેમ આ વર્ષે પણ ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મંદિર વ્યવસ્થા સ્થાપક રહિશભાઈ કસ્બાતી દ્વારા હનુમાન ભકતોને દર્શન સહેલાઈથી થઈ શકે તેને માટે પુરતી વ્યવસ્થા કરવામાં આવી હતી અને અંહિ ગાંધીનગર, મહેસાણા, વડોદરા, મુંબઈ દુરદુરથી ભક્તો દરવર્ષની જેમ ઉમટી પડયા હતાં અને દાદાના દર્શન કરી મંદિર સંકુલમાં પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી જયારે હવન, સુંદરકાં, રામધૂન સહિતના કાર્યક્રમો યોજાયા હતાં અને દિવસ દરમ્યાન હજારો હનુમાન ભક્તોએ દાદા ના દર્શન કરી પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી.

# ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વિજયનગરની ચૂંટણીમાં ૩૬ ઉમેદવારો મેદાનમાં

વિજયનગર, તા. ૨૨

વિજયનગર તાલુકાની અગ્રણી સહકારી સંસ્થા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ કુંડલા યાર્ડના બોર્ડ ઓફ ડિરેકટર્સની ટર્મ પુરી થતાં સહકાર ખાતા દ્વારા જાહેરનામુ બહાર પાડી ખેડૂત વિભાગની ૮, વેપારી વિભાગની ૪ અને ખરીદ વેચાણ સંઘ વિભાગની ૨ બેઠકો માટે તા. ૨૬ મી એપ્રિલે ચૂંટણી યોજી છે. જે અંતર્ગત ૫૨ ઉમેદવારોએ ઉમેદવારીપત્રો ભર્યા હતા. જે પૈકી ૧૬ ઉમેદવારોએ ઉમેદવારીપત્રો પરત ખેંચતા હવે ખેડૂત વિભાગના ૨૩, વેપારી વિભાગના ૧૦ અને ખરીદ વેચાણ સંઘ વિભાગમાં ૩ ઉમેદવારોએ ઝંપલાવતા ૩૬ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ જામશે. જે અંગે બજાર સમિતિના સૂત્રોના જણાવ્યા અનુસાર ૧૪ બોર્ડ ઓફ ડિરેકટરની જગ્યા માટે ૩૬ ઉમેદવારો મેદાને પડયા છે.

આગામી ૨૬ મી એપ્રિલે ચૂંટણી બાદ ૧૪ ડિરેકટરોના ભાવિ સ્પષ્ટ થશે. જેમાં પૂર્વ ચેરમેન રાજેન્દ્રસિંહ, છાપી શિક્ષણ સંકુલના મણુસિંહ પરમાર, જિલ્લા પંચાયત સદસ્ય રાજેન્દ્ર ડોન, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ લક્ષ્મણભાઈ કોટવાલ, રાજપુર કેળવણી મંડળના હરીશભાઈ પટેલ, અંદ્રોખા શિક્ષણ સંકુલના હિતેષભાઈ પટેલ, દઢવાવના વેપારી અગ્રણી જશુભાઈ પટેલ, સાબરકાંઠા બેંકના પૂર્વ વાઈસ ચેરમેન આર.ટી. પટેલ, વિજયનગરના વેપારી અગ્રણી અમૃતલાલ પટેલ, પ્રજ્ઞેશ શાહ, પ્રભુભાઈ રબારી, માવજીભાઈ રબારીએ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ચૂંટણીમાં ઝંપલાવ્યુ છે. જેને પગલે એપ્રિલમાં ભર ઉનાળે સહકારી રાજકારણમાં પણ ગરમાવો જોવા મળી રહ્યો છે.

# પાલનપુરના સુપ્રસિદ્ધ કંથેરીયા હનુમાન મંદિરે હનુમાન જયંતિની ઉલ્લાસપૂર્વક ઉજવણી

પાલનપુર, તા. ૨૨

બનાસકાંઠા જિલ્લાના વિવિધ હનુમાનજીના મંદિરોમાં આજે ચૈત્રી પૂનમે હનુમાન જયંતીની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શ્રદ્ધાળુઓ દ્વારા હનુમાનજી મંદિરોમાં યજ્ઞ-પ્રતિષ્ઠાન જેવા ધાર્મિક કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી હતી.

જીલ્લા મથક પાલનપુર શહેરના સુપ્રસિદ્ધ કંથેરીયા હનુમાન મંદિરે શ્રી હનુમાન જયંતિ મહોત્સવ, પૂજન તથા મારૂતિ યાગનું આયોજન કરવામાં આવ્યું હતું. જે પ્રસંગે હનુમાનજીની શોભાયાત્રા બાદ રાત્રે સંતવાણી-ભજન સત્સંગ રાખવામાં આવ્યો હતો.

આજે હનુમાન જયંતિના પાવન અવસરે નવાબી સમયનો કંથેરીયા હનુમાનના ૩૬માં જન્મ ઉત્સવની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. સવારથી જ ભકતોની દર્શન માટે કંથેરીયા હનુમાન મંદિરે ભીડ જામી હતી અને



મોટી સંખ્યામાં ભક્તોએ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો તેમજ પાલનપુર શહેરના સુપ્રસિદ્ધ કંથેરીયા હનુમાન મંદિરે આવેલા ભકતોની મનોકામના પણ પૂરી થાય છે.

જયારે શ્રી કંથેરીયા હનુમાનજીની ૩૬મી જન્મજયંતિ પ્રસંગે મહંતશ્રી મહારાજશ્રી શિવગીરીજી મહારાજની નિશ્રામાં હવન, આરતી, પ્રસાદ વિતરણ અને સંતવાણી કાર્યક્રમો યોજાયા હતા. તેમજ સાંજે શોભાયાત્રા નીકાળવામાં આવી હતી. હરિદ્વારથી આવેલા શાસ્ત્રીઓ દ્વારા કંથેરીયા હનુમાનજીની વિશેષ પૂજા અર્ચના તેમજ મારૂતિ યાગનું દિવસભર આયોજન કરવામાં આવી હતી જમાં મોટી સંખ્યામાં ભકતોએ આહુતિ આપી ધન્યતા અનુભવી હતી.




## અરવલ્લી જિલ્લામાં હનુમાન જયંતિની ભક્તિમય ઉજવણી : ભક્તોની હનુમાન દાદાના દર્શનાર્થે ભારે ભીડ

અરવલ્લી જિલ્લામાં શુક્રવારે ચૈત્ર સુદ પૂનમે વિવિધ દેવસ્થાનોમાં હનુમાન જયંતિની મોડાસા તાલુકાના સાકરીયા, દલીલપુર, ટીંટોઈ, ઈટાડી, શનિદેવ (લીંબોઈ)ના મંદિરોમાં હનુમાન જયંતિ નિમિત્તે હનુમાન દાદાના દર્શનાર્થે વહેલી સવારથી જ ભાવિ ભક્તો મંદિરોમાં ઉમટી પડ્યા હતા. સાકરીયા હનુમાન દાદાના મંદિરે ૮૦ મારૂતિ યજ્ઞની ભક્તોએ લાભ લીધો હતો. ૧૦૦ કિગ્રા સુદ્ધ માવાની કેક મંદિરના પૂજારી દ્વારા કાપી હનુમાન દાદાની જયંતિની ઉજવણી કરાઈ હતી. સમગ્ર મંદિર પરિસરને રોશનીથી શણગારતા ઝળહળી ઉઠ્યું હતું. જિલ્લાના હનુમાન દાદાના ભક્તો તેમના સંઘ લઈને પગપાળા હનુમાન દાદાના દર્શનાર્થે ઉમટ્યા હતા.

# પ્રાંતિજ તાલુકામાં પ્રદુષણ ફેલાવતા ઉદ્યોગોથી ખેડૂતોને હાલાકી

સલાલ, તા. ૨૧

પ્રાંતિજ તાલુકાના દલપુર ગામની સીમમાં આવેલ સિરામીક સહીતના અન્ય ઉદ્યોગો કેમીકલ ફેકટરીઓ દ્વારા પ્રદુષણ ફેલાવતા હોવાથી આજુબાજુમાં ખેતી કરતા ખેડૂતોના પાકને તેમજ બોર કુવા ઉપર સરીને પશુ પાલનનો વ્યવસાય કરતા લોકોને હાલાકી પડતી હોવાની રાવ ઉઠવા પામી છે. પ્રાંતિજના સેજવિકપુરા, કાટવાડ, વજાપુર સહીતના ગામોના ખેડૂતોની જમીન સિરામીક ફેકટરીઓ અને કેમીકલ ફેકટરીઓની આજુબાજુમાં આવેલી છે. જેથી ફેકટરીઓ દ્વારા પ્રદુષણ તેમજ જમીનમાં ઉંડા બોર કરીને કેમીકલ યુકત પાણી જમીનમાં ઉતારવામાં આવતું હોવાથી અને ફેકટરીઓના કારણે ખેડૂતોના પાક કપાસ દિવેલા મગફળી જેવા નષ્ટ થાય છે.

ચોમાસામાં અવારનવાર ખરાબ પાણીના કારણે પણ પાક નિષ્ફળ જાય છે અને ખેડૂતો હાલાકી ભોગવી રહ્યા છે દિવસે દિવસે સફેદ પાવરના કારણે શ્વાસોશ્વસની ક્રિયામાં તેમજ જમીનમાં પડતા જમીન બનજર બની જતી હોવાની ખેડૂતોએ ચિંતા વ્યકત કરી છે. આ અંગે સાબરકાંઠાનું પ્રદુષણ બોર્ડ સહીત જવાબદાર તંત્ર દ્વારા યોગ્ય તપાસ હાથ ધરવા માટે ખેડૂતોએ માંગ કરી છે.



વડાગામ સ્ટેશન વિસ્તારમાં આવેલા હનુમાનજી મંદિરે હનુમાન જયંતિ પર્વે ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ધાર્મિક પર્વે પરંપરાગત મારૂતિયજ્ઞ પણ કરવામાં આવ્યો હતો. જ્યારે વહેલી સવારથી જ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ મંદિર આવી પૂજા-અર્ચના અને મહાપ્રસાદનો લાભ લીધો હતો.

# ખેડબ્રહ્માામાં ચૈત્રી પૂનમે દર્શન તથા મેળો માણવા ભક્તો ઉમટ્યા

ખેડબ્રહ્મા, તા. ૨૨

ખેડબ્રહ્મામાં ચૈત્રી પૂનમે મા અંબાનુ યાત્રાધામ શ્રદ્ધાળુઓથી ઉભરાયું હતું. નાના અંબાજી તરીકે પ્રખ્યાત ખેડબ્રહ્માના પવિત્રધામમાં મા ભગવતીના દર્શને હજજારો શ્રદ્ધાળુઓ માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. અને માના ચરણોમાં મસ્તક નમાવી ધન્યતા અનુભવી હતી.

શુક્રવારે વહેલી સવારથી જ પવિત્ર ચૈત્રી પૂનમના દિવસો માતાજીના દર્શન તથા શ્રીફળ, કંકુ, ચુંદડી, પ્રસાદ ચડાવી ધન્યતા અનુભવતા માઈ ભક્તોની લાંબી કતારો તથા ભીડ મોડે સુધી હતી. ભક્તો પગપાળા સંઘોનો આ વર્ષે પણ ધસારો જોવા મળતો હતો. અમદાવાદ, વડોદરા, તરફથી ૬૦ જેટલા સંઘો બેન્ડવાજા સાથે અંબાના ચાચર ચોકમાં ગરબે ગુમ્યા હતા. મા ભગવતીના દર્શન કરવા તથા મેળો મહાલવા આવતા યાત્રીકોના માનવ મહેરામણની ભીડ જામી હતી. સમગ્ર શહેર જય અંબેના નાદથી ગુંજી ઉઠ્યુ હતું.

અંબિકા માતાજી મંદિરમાં પૂનમે એક લાખ જેટલા માઈભક્તોએ દર્શનનો લાભ લીધો હતો અને ૧૦૦ જેટલી ધજાઓ ભક્તો દ્વારા ચડાવવામાં આવી હતી. માઈ ભક્તો માટે મંદિર ટ્રસ્ટ દ્વારા સવારથી બુંદીના પ્રસાદ આપવામાં આવ્યો હતો. રાત્રે મંદિર પટાંગણમાં ભવાઈ યોજવામાં



આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ભક્તો હાજર રહ્યા હતા. પૂનમ નિમિત્તે અંબિકા માતાજી મંદિરના પ્રમુખ-જયદિપસિંહજી રાઠોડ, ટ્રસ્ટીઓ, મેનેજર ઘનશ્યામસિંહ રહેવર, ડે. મેનેજર તથા સ્ટાફ દ્વારા દર્શનાર્થીઓ માટે વ્યવસ્થા કરી હતી તેમજ પોલીસ વિભાગ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.




ડીસા શહેરમાં ઈચ્છાપૂર્ણ હનુમાન દાદાનું મંદિર બસ સ્ટેશનમાં આવેલું છે. જ્યાં દર વર્ષે હનુમાન જયંતિની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવે છે. જેમાં આ વર્ષે પણ વેપારી મિત્રો અને ટેક્ષી ડ્રાયવરો દ્વારા હનુમાન જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે યોજાયેલા યજ્ઞમાં ધર્મપ્રેમી ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. એસ.ટી. બસના મુસાફરો અને અન્ય લોકોએ પણ દર્શન અને પ્રસાદનો લાભ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા વેપારી મિત્રો અને ટેક્ષી ડ્રાયવરો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# ડીસામાં જીપચાલકની દાદાગીરી બસ ચાલક પર હૂમલો

ડીસા, તા. ૨૨

ડીસાથી જુનાગઢ જતી બસના ડ્રાઈવરને ઓવરેટક કરવા બાબતે તુફાન ગાડીના ચાલક સાથે બોલાચાલી થતાં હંગામો મચી ગયો હતો. જ્યારે તુફાન ગાડીના ચાલકે બસનો કાચ તોડી ડ્રાઈવરને લાફો ઝીંકી દેતા હંગામો મચી ગયો હતો.

ડીસામાં છેલ્લા ઘણા સમયથી ટ્રાફિકની સમસ્યા માથાના દુઃખાવા સમાન બની છે અને તેના કારણે અનેકવાર નાના મોટા અકસ્માતો પણ થયા કરે છે. ત્યારે બુધવારે સવારે પણ ડીસાથી જુનાગઢ જતી બસના ડ્રાઈવરને ટ્રાફિકમાં ઓવરટેક કરવા બાબતે તુફાન ગાડીના ચાલક સાથે બોલાચાલી થઈ હતી. જેમાં બુધવારે સવારે બસ નં. જીજે.૧૮.વાય.૮૫૯૫ લઈને ડ્રાઈવર કાળુભાઈ માધાભાઈ રાવળ ડીસાથી જુનાગઢ તરફ જવા માટે નીકળ્યા હતા તે દરમ્યાન ભોપાનગર ફાટક નજીક તુફાન ગાડી નં. જીજે.૦૮-૦૬૮૪ના ચાલકે બસ થોભાવી હતી અને મારી ગાડીને ઘસડીને કેમ ઓવરટેક કરી તેમ કહી અપશબ્દો બોલવા લાગ્યો હતો. જ્યારે બસ ચાલક તેને સમજાવવા જતા તુફાન ગાડીનો ચાલક ઉશ્કેરાઈ ગયો હતો અને બસ ચાલકને લાફો મારી દઈ બસનો કાચ તોડી નાખવાની કોશિષ કરતા તેને તિરાડ પડી ગઈ હતી. તેમાં જ આ મામલે હંગામો મચી જતા બસના પેસેન્જરો પણ નીચે ઉતરી ગયા હતા જેથી તુફાન ગાડીના ચાલક ત્યાથી નાસી ગયો હતો. જ્યારે આ મામલે બાદમાં સમાધાન થઈ જતા બસના ડ્રાઈવરે પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું.

# વલુણા ચોકડી પાસે બોલરો જીપ અને બાઈક વચ્ચે અકસ્માત એકનું મોત

ઈસરી, તા. ૨૨

અરવલ્લી જિલ્લાના મેઘરજ નજીક ધોલેશ્વરથી ઝરડા તરફ જતાં વલુણા ચોકડી પાસે બાઈક અને બોલેરો જીપ વચ્ચે અકસ્માત સર્જાતા એકનુંમોત થયુંછે, અને અન્ય એક વ્યક્તિને નાની મોટી ઈજાઓ પહોંચતા મેઘરજ ખાતે સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

બનાવની મળતી વિગતો અનુસાર બાઈકચાલક રાજેન્દુસિંહ ઝાલા ઉં.વ. ૩૨ વર્ષ, ગામ કાળાજીના મુવાડા, તા. બાયડ અને તેમની પાછળ બેઠેલા દિલીપભાઈ પગી, ઉંમર વર્ષ ૨૨, લુણાવાડા, જિ, મહિસાગર બન્ને દિશા માઈક્રો ફાઈનાન્સમાં વાસણા રોડ મેઘરજ ખાતેની બ્રાન્ચમાં નોકરી કરતાં હતા તેઓ આજ રોજ વહેલી સવારે ૧૦ વાગ્યાના સુમારે કામકાજ અર્થે મેઘરજથી ધોલેશ્વરથી ઝરડા તરફ જતાં હતા ત્યારે વલુણા ચોકડી પાસે મેઘરજ તરફથી માતેલા સાંઢની જેમ આવી રહેલી મહેન્દ્ર બોલેરો જીપ નં. જીજે.૯.એમ.૮૬૭૭એ આવી રહેલા બાઈક સવારોને હડફેટમાં લઈ લેતાં જેમાં બાઈકચાલક રાજેન્દ્રસિંહ ઝાલાનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે બાઈકની પાછળ બેઠેલા દિલીપભાઈ પગી ફંગોળાઈ ગયા હતા. જેઓને નાની મોટી ઈજાઓ પહોંચતા બાઈક સવારોને ૧૦૮ મારફતે મેઘરજની સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા.